# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

કન્યાના ભલભલા બાપને પણ ફોડી નાખે છે,
ને શબ્દના મનફાવે તેવા અર્થ જોડી કાઢે છે,
તોડી નાખે છે તમામ પરંપરાગત મર્યાદાઓ -
નેતાઓ હવે નિયમોનાં બંધન છોડી નાખે છે.

## હાઈકુ

વાંધો છે જ ક્યાં?
‘નીચ’ થવામાં પણ -
સ્વાર્થ સાધુ ને!

બગાડી નાખે
મનની સમતુલા -
ગરમી પારો..

## ચિંતન

***ન કાલો દંડ મુધમ્ય શિરઃ કૃન્તતિ કસ્ય ચિત । કાલસ્ય બલમેતાવત્ વિપરીતાર્થ દર્શનમ્ ॥***

‘સમય-કાળ, કોઇને મૃત્યુદંડ-મારવા માટે કદાપિ કંઇ હથિયારનો ઉપયોગ કરતો નથી. પણ જેને મારવાનો હોય એની વિચાર ક્ષમતા-સાચા નિર્ણય લેવાની વિચારશક્તિ જ હણી નાખે છે જેથી કરીને વ્યક્તિને બધું અવળું જ દેખાય અને ખોટા નિર્ણયો જ લે પરિણામે જાતે જ મુશ્કેલી આપત્તિઓને આમંત્રણ આપે છે.’

વિધિ-ભાગ્યવિધાતા કંઇ લાકડી લઇ મારવા આવતા નથી. ‘રામચરિત માનસ’માં એક દોહરો છો ભવિતવ્ય-જે થવાનું હોય તે થાય જ છે અને એ થવા માટે વિધિ-વિધાતા, માણસને એવી બુદ્ધિ-વિચારશક્તિ આપે છે જે થનાર સ્થળે દિશામાં કે એવી પરિસ્થિતિમાં વ્યક્તિ જાતે જ નિર્ણય લઇ પહોંચી જાય છે.

કોઇ વ્યક્તિ સામે ચાલીને ઉપાધિ વહોરી લે. દા.ત. મુખ્યમંત્રી પદે વિરાજમાન વ્યક્તિને મનમાં ‘વડાપ્રધાન’ થવાનો વિચાર આવે-વિધાતા એ તરફ દોરી જાય પછી શત્રુઓ પેદા થાય-નાણા ખર્ચાય અને આખા દેશમાં ભટકવું પડે - અને એમાં કોઇ સારું બોલે કોઇ ખરાબ બોલે અને પરિણામ તો જે આવે તે પણ વિધિ-વિધાતા એવો વિચાર મૂકી દે જેથી વ્યક્તિ હેરાન-પરેશાન થઇ જાય.

## સુવિચાર

- બોરી બિસ્તર બાંધેલો, ઘણો કર્યો વિરામ, આ કાયમનું ઘર નથી, વિશ્વ છે અતિથિ ધામ **- અમૃતબિંદુ**
- સ્વાર્થની સડક પરથી પરમાર્થના પંથે જવા પ્રેરે તેનું નામ ‘વિવેક’- **એસ. ભટ્ટાચાર્ય**
- માણસનો સહજ સ્વભાવ છે કે વિચારતી વખતે ખૂબ શાણપણ રાખે છે પણ અમલ કરતી વખતે તે મુર્ખાઇ કરે છે **- માનસસૂત્ર**
- ‘આવડત’ નમ્રતાના વસ્ત્રોમાં જ શોભે... અભિમાનના સુટબુટમાં નહીં **- ઇટાલીયન કહેવત**
- લાત મારવા કરતાં પીઠ થાબડવામાં મહેનત ઓછી અને પરિણામ સારું- **બર્નાડ શો**
- જો મૂર્ખ માણસ પોતાને મૂર્ખ સમજે તો એટલે અંશે તો બુદ્ધિમાન કહેવાય પણ ખરો મૂર્ખ એ જ છે કે જે પોતાને બુદ્ધિમાન સમજે **- શાહબુદ્દિન રાઠોડ**
- અંતરના ગરીબ પરમ સુખી છે, ઇશ્વરનું રાજય તેમનું છે, નમ્ર પરમ સુખી છે તેઓ ધરતીના ધણી થશે, ચોખ્ખા દિલમાં પરમ સુખી છે તેમને ઇશ્વરના દર્શન થશે- **અમી ઝરણાં**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આપણે સૌ આપણાં સુખ-સ્વાર્થ માટે બીજાનું સુખ છીનવી લેવામાં જરા પણ હિચકીચાટ અનુભવતા નથી. બીજાનું શોષણ-અપરાધ કરીને પણ નીચી કક્ષા ઉતરી જઇ માત્ર પોતાનો સ્વાર્થ સાધીએ છીએ. પ્રવાસ-સમૂહ ભોજન જેવા પ્રસંગે આવી માનસિકતા વાળા લોકો તરત પરખાઇ જાય છે. ભલે સંસ્કારી, ભણેલા-ગણેલા હોય પણ બીજાનાં સુખ-સુવિધાઓનો તો આપણે ભાગ્યે જ વિચાર કરીએ.

આ વાત સમજાવવા, પોતાના આશ્રમમાં રહેતા, પચાસ શિષ્યોને, એક સંતે એક અનુભવનું આયોજન કર્યું.

પચાસ કમંડળ પર શિષ્યોના નામ લખ્યાં અને એનો ઢગલો કર્યો. પછી વ્યાખ્યાનમાં બેઠેલાં શિષ્યોને કહ્યું જુઓ સામે ઢગલામાં તમારા નામ વાળાં ‘કમંડળ’ છે તે શોધી લઇ લ્યો! અને પાંચ મિનિટમાં પોતાની જગ્યાએ બેસી જાવ!

શિષ્યો દોડ્યા-અફડાતફડી થઇ-ધક્કામૂક્કી-મારામારીની કક્ષાએ પહોંચી ગઇ. પાંચ મિનિટ થઇ ગઇ. લગભગ કોઇને પણ પોતાના નામ વાળું કમંડળ મળ્યું જ નથી. ગુરૂએ બધાને પાછા બોલાવ્યા ને નવી સૂચના આપી. હવે પાછા જાવ-તમારા હાથમાં જે નામવાળું કમંડળ આવે તે લઇ લ્યો અને અહીં બેસીને જે નામવાળા હોય એને બેઠાં બેઠાં જ સોંપી દો! પાંચ મિનિટમાં બધું શાંતિથી પતી ગયું.

સુખનું પણ આવું જ છે બીજાને સુખ આપો તમને આપોઆપ શાંતિથી મળી જશે. એના માટે અફડાતફડીની જરૂર નથી.

Email - sureshchandrabhatt18@gmail.com

# નેપાળના કયા સ્થળે ભગવાન બુદ્ધનો જન્મ થયો હતો?

## ખજાનો

- ડૉ. અનિલ પટેલ

### વિષય : વિશ્વના મહત્ત્વના સ્થળો

(૧) દુનિયાના મોટા બંધોમાં ગણનાપાત્ર એવો ઈજિપ્ત નદી પર આવેલ બંધનું નામ શું?
(અ) કેવો (બ) તાસ્માન
(ક) રીબોવો (ડ) આસ્વાન

(૨) ગ્રીક સંસ્કૃતિનું ભવ્ય કેન્દ્ર તથા પ્રાચીન ગ્રીસનું પાટનગર કયું?
(અ) એથેન્સ (બ) ઓટાવા
(ક) એડન (ડ) રોમ

(૩) કાહુટા અણુમથક કયા દેશમાં આવેલું છે?
(અ) ભારત (બ) પાકિસ્તાન
(ક) શ્રીલંકા (ડ) બાંગ્લાદેશ

(૪) કેલર્ગૂલી-કુલીગાર્ડી સોનાની ખાણો કયા દેશમાં આવેલી છે?
(અ) અમેરિકા (બ) બ્રિટન
(ક) ઓસ્ટેલીયા (ડ) જાપાન

(૫) બ્રિટીશ વડાપ્રધાનનું સરકારી નિવાસ સ્થાન કયું છે?
(અ) વ્હાઈટ હાઉસ (બ) રેડ બંગલો
(ક) ડાઉનીંગ સ્ટ્રીટ (ડ) ગ્રીન સ્ટ્રીટ

(૬) ઈ.સ. ૧૯૯૨માં વિશ્વ ઓલમ્પીક સ્પેનના કયા શહેરમાં યોજાયો હતો?
(અ) બાર્સિલોના (બ) માન્ચેસ્ટર
(ક) પિટર્સબર્ગ (ડ) ગ્રીનીચ

(૭) અમેરીકાએ વિકસાવેલ નૌકામથક જે ટાપુ પર આવેલ છે તે ડિયેગો ગાર્સિયા કયા મહાસાગરમાં આવેલ છે?
(અ) પેસીફીક મહાસાગર (બ) હિન્દ મહાસાગર
(ક) રાતો સમુદ્ર (ડ) અરેબિયન સાગર

(૮) અમેરિકન સરકારનું અગત્યના મહેમાનોનું ઉતરવાનું સ્થળ કયું છે?
(અ) રેડ હાઉસ (બ) ગ્રીન હાઉસ
(ક) બ્લ્યૂ હાઉસ (ડ) બ્લેક હાઉસ

(૯) નેપાળના કયા સ્થળે ભગવાન બુદ્ધનો જન્મ થયો હતો?
(અ) પશુપતિનાથ (બ) લુમ્બિની
(ક) કાઠમંડુ (ડ) વડાપ્રધાન

(૧૦) બ્રિટનના મહાન વિભૂતિઓને કયા સ્થળે દફનાવવામાં આવે છે?
(અ) વેસ્ટ મિનિસ્ટર એબે (બ) બર્મિંગહામ
(ક) લિવરપુલ (ડ) હેરો

(૧૧) લંડનમાં જાહેર સભાઓ માટેનું પ્રખ્યાત સ્થળ કયું છે?
(અ) ગ્રીનીચ (બ) હાઈડ પાર્ક
(ક) વેમલી સ્ટેડિયમ (ડ) સેન્ટ્રલ લંડન

(૧૨) વોશિંગ્ટનમાં આવેલું અમેરીકન સંરક્ષણ કચેરીઓનું સ્થળ કયું?
(અ) પેન્ટાલૂમ (બ) પેન્ટાગોન
(ક) હેકઝાગોન (ડ) બ્રીઝ હાઉસ

(૧૩) પાકિસ્તાનમાં આવેલ પ્રાચીન ભારતની વિદ્યાપીઠનું નામ શું?
(અ) નાલંદા (બ) તક્ષશિલા
(ક) અમરાવતી (ડ) ત્રણેમાંથી એક પણ નહિં

(૧૪) પેરીસના કયા કિલ્લામાં રાજકીય કેદીઓ રાખવામાં આવતા?
(અ) વર્સાઈલ (બ) મોકાઈલ
(ક) જુનાઈલ (ડ) બર્મિંગહામ પેલેસ

(૧૫) રાતા સમુદ્ર અને ભૂમધ્ય સમુદ્રને જોડતી નહેરનું ના શું છે?
(અ) પાનમ નહેર (બ) સુવેઝ નહેર
(ક) નાઈલ નહેર (ડ) મેરીયન નહેર

## વિવિધા

### વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ

- ૯ મે ૧૯૨૭ — મેનફ્રેડ એઈજન-જર્મન ભૌતિકશાસ્ત્રી અને બાયોકેમીસ્ટ, ૧૯૬૭માં નોબેલ પારિતોષિક વિજેતા.
- ૯ મે ૧૮૭૩ — હોવાર્ડ કાર્ટર-બ્રિટીશ ઈજીપ્થોલોજીસ્ટ અને ઈજીપ્તના પુરાતત્ત્વના નિષ્ણાંત
- ૯ મે ૧૮૫૦ — એડવર્ડ વેસ્ટન-બ્રિટીશમાં જન્મેલા અને અમેરીકન ઈલેકટ્રીકલ એન્જીનીયર અને વૈજ્ઞાનિક.
- ૧૦ મે ૧૯૧૯ — ડેનિયલ બેલ - અમેરિકન સોશીયોલોજીસ્ટ
- ૧૦ મે ૧૯૦૧ — જહોન ડેસમોન્ડ બર્નલ-આર્યલેન્ડના ભૌતિક શાસ્ત્રી વૈજ્ઞાનિક, એક્સ-રે-ક્રિસ્ટ્રલોગ્રાફી પર સંશોધન
- ૧૦ મે ૧૯૦૦ — સેસીલીયા પાયને - ઈંગ્લીશ-અમેરીકન ખગોળ મહિલા વૈજ્ઞાનિક, સૂર્યમાં ૬૫% આયર્ન અને ૩૫% હાઈડ્રોજન છે તે સાબિત કરનાર
- ૧૧ મે ૧૯૪૬ — રોબર્ટ કે. જાર્વિક -અમેરિકન સર્જન, પ્રથમ કુત્રિમ હૃદય, જાર્વિક-૭ના સંશોધક
- ૧૧ મે ૧૯૨૪ — એન્ટોની હેવીસ-બ્રિટીશ એન્થ્રોપોલોજીસ્ટ ૧૯૭૪માં નોબેલ પારિતોષિક વિજેતા
- ૧૧ મે ૧૯૧૮ — રીચાર્ડ પી.ફેટામેન-અમેરિકન ભૌતિક વૈજ્ઞાનિક.
- ૧૨ મે ૧૯૨૬ — જેમ્સ એસ. કોલમેન-અમેરિકન સોશીયોલોજીસ્ટ.
- ૧૨ મે ૧૯૧૦ — ડોરોથી ક્રોઉફૂટ હોડકીન-ઈંગ્લીશ વાયોકેમીસ્ટ મહિલા વૈજ્ઞાનિક.
- ૧૨ મે ૧૯૦૬ — મૌરીક એવીંગ -અમેરિકન જીઓલોજીસ્ટ
- ૧૩ મે ૧૮૯૩ — જયોર્જ એન. પાપાનીકોલુ-ગ્રીક અમેરીકન સાયટોલોજીસ્ટ
- ૧૩ મે ૧૮૫૭ — સર રોલાન્ડ રોઝ-ઈંગ્લીશ બેકટેરીયોલોજીસ્ટ ૧૯૦૨માં નોબેલ પારિતોષિક વિજેતા
- ૧૪ મે ૧૯૨૫ — યુવલ નિમન-ઈઝરાયેલી ભૌતિકશાસ્ત્રી
- ૧૪ મે ૧૯૧૮ — જેમ્સ હાર્ડી-અમેરિકન સર્જન, ૧૯૬૩માં હ્યુમન લંગ્ઝ ટ્રાન્સપ્લાન્ટ કરનાર તબીબ
- ૧૪ મે ૧૯૦૮ — નિકોલ કુર્હી - હંગેરીયન-બ્રિટીશ ભૌતિકશાસ્ત્રી અલ્ટ્રા લો ટેમ્પ્રેચર ભૌતિકશાસ્ત્ર પર સંશોધન.
- ૧૫ મે ૧૯૦૩ — મારીયા રીચે - જર્મન બોર્ન-પેરૂના ગણિતશાસ્ત્રી મહિલા અને આર્કિઓલોજીસ્ટ
- ૧૫ મે ૧૮૯૯ — વિલિયમ હુમ-રોથરી-બ્રિટીશ મેટર્લજીસ્ટ.
- ૧૫ મે ૧૮૫૯ — પાયરી ક્યુરી - ફ્રેન્ચ ભૌતિક રસાયણ વૈજ્ઞાનિક ૧૯૦૩માં નોબેલ પારિતોષિક વિજેતા.

### ગયા સપ્તાહનો સવાલનો જવાબ

**સવાલ - દક્ષિણ ભારતના રાજકીય નેતા ચિરંજીવી કઇ પાર્ટીના નેતા છે?**

**જવાબ - પ્રજા રાજયમ પાર્ટી (આંધ્રપ્રદેશમાં ૨૬.૦૮.૨૦૦૮ના રોજ આ પાર્ટીની સ્થાપના ચિરંજીવીએ કરેલ)**

### સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) મહેશ એમ. જાદવ : સે-૩૦
(૨) નટુભાઈ દરજી : પેથાપુર
(૩) રૂચિત એ. પટેલ : ગાયત્રી સોસા. ધોળેશ્વર

### આ સપ્તાહનો સવાલ

**ભારતીય જનતા પાર્ટીના યુવાન નેતા વરૂણ ગાંધી અગાઉ ક્યાં સ્થળેથી લોકસભાના સભ્ય થયા હતા?**

આપના સાચાં જવાબ સાત દિવસમાં મોકલવામાં માટેનું સ્થળ
**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

### સાચા જવાબો

(૧) ડ (૨) અ (૩) બ (૪) ક (૫) ક (૬) અ (૭) બ (૮) ડ (૯) બ (૧૦) અ (૧૧) બ
(૧૨) બ (૧૨) બ (૧૩) બ (૧૪) અ (૧૫) બ

# એક મુક્ત અને પ્રગતિશીલ સમાજમાં હીજડો પણ એટલો જ હકદાર છે જેટલાં હું ને તમે, જરૂર છે પૂર્વગ્રહ છોડવાની - જૂની વ્યાખ્યાઓ અને કહેવતો તોડી ફેંકવાની - જાતિ વિશેની આપણી સમજણને બહુ આયામિક કરવાની - જરૂર છે માણસને માણસ સમજવાની...

## ધ કૉફી હાઉસ

- ઉત્સવ પરમાર

## હીજડા, વ્યંઢળ, કિન્નર, પાવૈયા... અને હમ લોગ

ભારત એક ઉદારવાદીતા તરફ જઇ રહ્યું છે. પોતાની અંદરની કટ્ટરતાઓનાં વિવિધ સ્વરૂપોને જીવતા રાખીને પણ. હાલમાં જ સુપ્રીમ કોર્ટે એક લિંગ તરીકે ટ્રાન્સજેન્ડર્સને માન્યતા આપી. હવે પછીનાં ફોર્મ્સમાં મેલ, ફીમેલ, અથવા સ્ત્રી-પુરૂષ સિવાયનાં ઓપ્શનમાં ટ્રાન્સજેન્ડર્સ બોક્સ પણ હશે. આ ટ્રાન્સજેન્ડર્સ કોણ છે? આપણે તેમને હીજડા, કિન્નર, વ્યંઢળ, પાવૈયા, શિખંડી, એનક (પુનક) માસીબા કે પછી છક્કા તરીકે ઓળખીએ છીએ. આ કમ્યુનિટીને લઇને દરેક સમાજની પોતપોતાની અંગત માન્યતાઓ અને ગેરમાન્યતાઓ છે. સ્વાભાવિક રીતે અને પ્રાકૃતિક સ્તર પર જાતિ નિર્ધારિણ ન પામેલા માણસ સાથે કેવી રીતે અને કયા પ્રકારનો સંબંધ રાખવો એ પ્રશ્ન તદ્દન મૂંઝવણોથી ભરેલો હોય છે. એક જ વ્યક્તિ સ્ત્રી અને પુરૂષનાં લક્ષણ ધરાવી શકે તેવા અર્ધનારીશ્વરનાં દેશમાં સાંસ્કૃતિક મિથકોએ વ્યંઢળ સમાજને ખાસ કિસમનો દરજ્જો આપ્યો છે પરંતુ ફક્ત સાંસ્કૃતિક માન્યતાઓ કે દૈવી શક્તિની પરિકલ્પનાઓ કોઇ વ્યક્તિનો જીવન નિર્વાહ ન કરી શકે. આખરે વ્યંઢળ કે કિન્નર પ અંતતઃ એક હ્યુમન બોડી છે - કોઇ ગોડ ફિગર નહીં - એનેય એક પેટ છે જેમાં રોજ સાંજ પડ્યે ફાટે છે ફૂખ, એની છાતીમાં ફેફસાં પણ માંગે જ એ જ હવા જે મારા ને તમારા ફેફસામાં છે, એનેય તડકો લાગે ને એ પણ મારી તમારી જેમ બીમાર પડે તે દવાખાને જાય; ડોકટરને બતાવે - દવા ખાયને સાજા થાય.

હીજડા એ ગાળ નથી પણ સમુદાય વાચક શબ્દ છે. જેનાં વિશે મહાભારતનાં કાળથી વિસ્મય અને કૌતુક છે, સમાજની મુખ્યધારાથી અલગ-અલગ રહેવું પડે એ એમની મજબૂરી છે કેમ કે મુખ્યધારાનાં સમાજે આ સમુદાયનો સ્વીકાર સંપૂર્ણપણે નથી કર્યો, છેક અત્યાર સુધીની વસ્તી ગણતરીઓમાં આ સમુદાયનાં લોકોનો સમાવેશ ‘ભિખારી’ કે ‘બેગર્સ’ ની સંજ્ઞા નીચે થતો. આ ૨૧મી સદીમાં ભારતનાં જાતિ કે જેન્ડર આધારિત માપદંડોની વિષમતાનું એક પ્રતિક છે. ભારતીય સમાજે આ સમુદાયનું સહઅસ્તિત્વ સ્વીકાર્યું છે. પણ સહજીવન સ્વીકાર્યું નથી. આ સમુદાયનાં લોકો પાસે ઓળખપત્રો હોતા નથી... આઇડી કાર્ડ, ઇલેકશન કાર્ડ, લાયસન્સ વગેરે ઓળખનાં પુરાવાઓનાં અભાવે તેઓ વિવિધ સરકારી યોજનાઓનાં લાભોથી વંચિત રહે છે. તમે જ સ્વયં અનુમાન લગાવી શકો છો કો ઉપરોક્ત ઓળખમાં પુરાવાઓ વિનાં ભારત દેશમાં કામ કઢાવવું કેટલું અઘરું છે? મુખ્યધારાનાં અથવા બહુ સંખ્યક સમાજની ભીંતર સકારાત્મક આધાર તંત્રનાં અભાવે આ સમુદાય પોતાનું જ આગવું તંત્ર ઊભું કરે છે એન તેની અંદર રહે છે. કોઇ પણ શહેરમાં તેમની વસ્તી અલગ-થલગ જ હોવાની.

ટ્રાન્સજેન્ડર્સ કે વ્યંઢળોને મોટે ભાગે તમે ટ્રેનો કે લગ્નો કે કોઇકનાં જન્મ વખતે જોયા હશે. પૈસા માંગતા આ લોકોને જોઇ આસપાસનાં કેટલાક લોકોનાં મોં બગડ્યા પણ હોય, કેટલાક લોકો આને ભીખ માંગવાની નવી પ્રવૃત્તિ પણ ગણાવે એછે. પણ વાસ્તવમાં તમે જેને ભીખ ઘણો છો તે વ્યંઢળો માટે જીવન નિર્વાહને એકમાત્ર રસ્તો છે. આ વ્યંઢળોને કોઇ નોકરી પર રાખતું નથી, કોઇ સ્કૂલ એડમીશન આપતી નથી કે પછી છૂટક-પુટક-ત્રુટક સંસ્થાઓ સિવાય કોઇ તેમને મદદ કરતું નથી. "કોઇ પણ પ્રકારનું શિક્ષણ કે હુનર તેમનાં માટે તદ્દન બિનઉપયોગી સાબિત થાય છે. કેમ કે અંતે તે તેમને રોજગારી અપાવી શકતું નથી એટલે નાછૂટકે, વ્યંઢળોએ રીતસર માંગવું જ પડે છે, કેમ કે તો જ ગુજરાન ચાલી શકે. વ્યંઢળો નિખાલસ હોય છે તેઓ કહે છે તમારા જીવનમાં ખુશીઓ આવે કેમ કે કો’કની ગોદ ભરાશેં ત્યારે અમારા પેટ ભરાશે. કો’ક સુખરૂપ લગ્ન કરશે ત્યારે મળતી બક્ષીસો અમારી જરૂરતો પૂરી કરશે... અને કદી કોઇનું ખરાબ નથી ઇચ્છતા. આ વ્યંઢળોને માતા કે પિતા બનવાની ય ઇચ્છા કરે - તેઓ કોઇ બાળક દત્તક લઇ શકે પણ ઘણી ઇચ્છાઓ છતાં બાળક દત્તક ન લેવાનું કારણ એટલું જ કે જો તેમને સમાજે ન સ્વીકાર્યા તો તેમનાં દત્તક લીધેલાં બાળકને સમાજ કેવી રીતે સ્વીકારશે? આથી બાળકનાં ભાવિનો વિચાર કરી બાળક પ્રત્યે લાગણી હોવા છતાં બાળક દત્તક લેતા નથી."

બીજી તરફ, જેમ માનવસમાજમાં વિરોધીતાઓ રહેલી હોય છે. તેમજ વ્યંઢળ સમાજોમાં પણ વિરીધીતાઓ રહેલી છે. કેટલાંક મોટા શહેરોમાં ઉઘરાણી કરતાં વ્યંઢળો પોલિટીકલી અને ઇકોનોમિકલી પાવરફુલ બની જાય છે. અમાદાવાદમાં સોનિયા ડે નામનાં વ્યંઢળનો કિસ્સો જાણીતો છે. વ્યંઢળોમાં પણ કાસ્ટ્રટેડ અને નોન કાસ્ટ્રટેડ (લિંગ વિચ્છેદિત અને અવિચ્છેદિત) એવા ભેદ છે. કાસ્ટ્રેટેડ વ્યંઢળ વધુ ઊંચા માનવામાં આવે છે. જયારે નોન કાસ્ટ્રેટેડને નીચા. વ્યંઢળ સમાજની વિષમતા છે અને કોઇ પણ સમાજ વિષમતાથી પર હોય તેવી શક્યતાઓ ઓછી છે.

હીજડાઓથી ભય લાગવાનું કારણ આપણી ગેરમાન્યતાઓ અને ફીઅર ઓફ અનનોન અથવા અજાણ્યાનો ડર પણ છે. આપણે તેમની સાથે રહેતા - જીવતા નથી તે છે - મરદની મૈયતમાં જવું ને હીજડાની જાનમાં ન જવું પ્રકારની પૌરૂષવાદી માનસિકતાએ હીજડાને સ્વતંત્ર વ્યક્તિ તરીકે નથી સ્વીકાર્યા. સમાજનાં આ વિશેષ હિસ્સાની જરૂરતો પણ મારા કે તમારા જેટલી જ સામાન્ય છે અને રોજીંદી જ છે. ફક્ત જુદુ શરીર કે વ્યક્તિત્વ હોવું એ વિભેદનો આધાર કદી બની શકે નહીં. એક મુક્ત અને પ્રગતિશીલ સમાજમાં હીજડો પણ એટલો જ હકદાર છે જેટલાં હું ને તમે. જરૂર છે પૂર્વગ્રહ છોડવાની - જૂની વ્યાખ્યાઓ અને કહેવતો તોડી ફેંકવાની - જાતિ વિશેની આપણી સમજણને બહુ આયામિક કરવાની - જરૂર છે માણસને માણસ સમજવાની...

- ch972336794@yahoo.com

# એકાએક જમાઈરાજ વિના તેમજ બેગ સાથે પુત્રીને આવતા, બાપુ દંપત્તિને શંકા જાય છે... કશુંક અઘટીત થયું હોવાનું લાગે છે પરંતુ મૌન ધારણ કરે છે

## આત્મસમર્પણ

- નિરંજન ઓઝા

ભાવનગર જિલ્લાના વલ્લભીપુર તાલુકાના છલિયા ગામમાં અભયસિંહ રાઠોડ કુટુંબ સાથે રહે છે. વારસામાં જમીન જાયદાદ મળી હોવાથી કુટુંબનો નિર્વાહ તેમાંથી ઘણી જ સરળતાથી થાય છે. ભગવાને ચારે હાથે લક્ષ્મી આપી છે પરંતુ લગ્નના સાત સાત વર્ષ થયા પછી પણ ખોળાનો ખૂંદનાર પ્રાપ્ત થયો નથી તેથી જેટલી થાય તેટલી ગ્રામજનોની સેવા કરવામાં અભયસિંહ દંપત્તી સમય પસાર કરે છે. આ ભક્તી પણ તેમને મોડે મોડેથી પ્રાપ્ત થાય છે. દંપત્તિને ત્યાં લક્ષ્મીદેવી પધારે છે. બાપુ આખા ગામમાં ઉજવણી કરે છે. ગ્રામજનો, સંબંધીઓ, મિત્રો વિગેરેની મોટી સંખ્યામાં હાજરીથી પુત્રીનું નામ સંસ્કૃતિ ઉર્ફે સકુબા રાખવામાં આવે છે. બીજું પોતે શિક્ષણના હિમાયતી છે તેથી તેઓ શિક્ષણનું મહત્ત્વ જાણે છે. તેઓ જાણે છે કે શિક્ષણ વિના માનવ અધુરો છે, અજ્ઞાની છે અને અબુધ છે તેથી પોતાની પુત્રીનો ઉછેર ઘણી જ ધીરજ, ખત તથા શાંતિથી કરે છે. ગામની સારામાં સારી શાળામાંથી પ્રાથમિક તેમજ માધ્યમિક કક્ષાનો અભ્યાસ પૂર્ણ કરાવ્યા પછી કોલેજ કક્ષાના અભ્યાસ માટે બાપુ પુત્રીને ભાવનગર શહેરની સારામાં સારી તેમજ જૂનામાં જૂની શામળદાસ કોલેજમાં પ્રવેશ મેળવે છે. ત્યાં પણ સકુબા ઝળકે છે. ડ્રોઇંગ, ડાન્સીંગ, તથા સંગીતમાં અગ્રેસર રહ્યા. કોલેજ કાળ પણ પૂર્ણ થતા સકુબાનું લગ્ન ભાવનગર શહેરમાં આતાભાઇ રોડ પર નિવાસ કરતાં તેમજ તેમની કક્ષાના શક્તિસિંહ બાપુના પુત્ર રમણસિંહ સાથે લગ્ન લેવાય છે. શક્તિસિંહને શિહોરમાં દવા બનાવવાનું મોટું કારકાનું છે. સકુબા સાસરીયામાં તેમના વાણી, વર્તન અને વ્યવહારને લીધે છવાય છે. પોતાના પિયર જવાનું પણ યાદ આવતું નતી. જયારે જયારે પિયર જાય ત્યારે ત્યારે પોતાના પતિ સાથે ફક્ત એક દિવસ અથવા વધારેમાં વધારે આગ્રહ થાય તો બે દિવસના રોકાણ પછી સાસરે પાછા ફરતાં. તે જાણતાં કે પરણ્યા પછી દીકરીનું સ્થાન સાસરામાં જ શોભે. આવુ અવારનવાર બનતું તેથી બાપુને પોતાની પુત્રી સાથે માન અને ગૌરવ હતું. આમ વધારે રોકાણ કરવા બાપુ આગ્રહ કરતાં નહિ.

પરંતુ લગ્નને પાંચેક વર્ષનો સમય થયો હશે અને એક દિવસ સકુબા પિયર બેગ સાથે આવે છે, પ્રથમ તો બાપુ દંપત્તિને આશ્ચર્ય થાય છે. પરંતુ બહુ પૂછપરછ પુત્રીની કરતાં નથી પરંતુ કોઇ પણ દિવસ જમાઇરાજને લીધા સિવાય પુત્રી આવતી ન હતી. આમ એકાએક જમાઇરાજ વિના તેમજ બેગ સાથે પુત્રીને આવતા, બાપુ દંપત્તિને શંકા જાય છે... કશુંક અઘટીત થયું હોવાનું લાગે છે પરંતુ મૌન ધારણ કરે છે. એક અઠવાડિયું ત્યારબાદ ચાર, પાંચ મહિનાનો અણધાર્યો સકુબાનો મુકામ બાપુ દંપત્તિને અકળાવે છે. આવી રીતે આવવાનું પ્રયોજન પુછતાં, પુત્રી ગોળગોળ જવાબ આપે છે અને કારણ જણાવતી નથી. આવા વાતાવરણમાં બાપુ એક દિવસ ગરમ થઇ હાથ ઉગામતાં, પુત્રી જણાવે છે કે તમને હું ભારે પડું છું તેવું લાગે છે તેથી થોડા સમય પછી હું મારી વ્યવસ્થા કરી લઇશ પરંતુ હવે હું સાસરે નહિ જાઉં. આમ વધારે વાતાવરણ બગડે નહિ તેથી બાપુ દંપત્તિ શાંત રહે છે. ગામમાં પમ સકુબા પાછા ફર્યા છે તેવી વાતો એ વેગ પકડ્યો હોય છે. બાપુ દંપત્તિ આનો કેવી રીતે ઉકેલ લાવવો તેના વિસામણમાં હોય છે તેવા સંજોગોમાં એક દિવસ સમાચાર વહેતા થાય છે કે સકુબાએ ઘરનો ત્યાગ કર્યો છે. ગામમાં તેમજ આજુબાજુ તપાસ તાય છે પરંતુ કંઇ જ વાવડ સકુબાના મળતા નથી. બાપુ ઘરમાં કંઇ એંધાણ મળે તેથી તપાસ કરાવે છે. ત્યાં સંકુબાના રૂમમાંથી એટલે કે જયાં સુતા હતા ત્યાંથી એક ચિઠ્ઠી મળે છે જેનું લખાણ કંઇક નીચે મુજબ છે -

મારાં વ્હાલાં મમ્મી-પપ્પા,

તમને આ ચિઠ્ઠી વાંચતા આશ્ચર્ય સાથે આઘાત લાગશે કે તમને કહ્યા વગર હું બહાર પણ જતી ન હતી તેવા સંજોગોમાં કહ્યા વગર કે ઘર છોડ્યું? મારી હકીકત જણાવતાં દુઃખ થાય છે પરંતુ હૃદય પર પથ્થર મુકીને વાંચજો. સાસરાંમાં મને કોઇ પણ જાતની મુશ્કેલી/તકલીફ ન હતી પરંતુ વચ્ચે મને સખત તાવ આવી ગયો હતો તે તમે જાણતા હતા. દવાખાનામાં મને દાખલ કરવામાં આવી હતી. અતિશય નબળાઇને લીધે, ગ્લુકોઝ તથા લોહીના બાટલાં ચઢાવવામાં આવ્યા હતા, જેથી કંઇક આરામ થયો હતો. ત્યારબાદ સાસુબાને, દાદીમા થવાની લગની લાગી હતી તેથી અમને ડોકટરી તપાસ માટે અવારનવાર કહેતા હતા. અમે ડોકટરી તપાસ માટે જઇએ તે પહેલાં એક દિવસ હું કોઇને પણ કહ્યા સિવાય મારી તબિયતની તપાસ માટે ડોકટર પાસે ગઇ હતી. ડોકટર સાહેબે તપાસી મને ખૂબ જ દુઃખ સાથે માહિતી આપી કે તમને ‘એઇડ્સ’ની અસર છે આ એઇડ્સની અસર તમારાં જમાઇરાજને ન થાય તેથી અવારનવાર બાનુ કાઢી હું તેનાથી દૂર રહેતી હતી. પરંતુ તેમાં હું મહદ્અંશે સફળ થઇ નહીં. આથી તેમનાથી દૂર રહેવા, હું આપણાં ઘરે આવી હતી પરંતુ અવારનવાર તમે મને પુછતાં હતા, હું મારી તકલીફ/દુઃખ તમને જણાવી શકી ન હતી. જે લોહી ચઢાવવામાં આવ્યું હતું તે એઇડ્સ વાળું હોવાની શંકા ડોકટર સાહેબને હતી જેમાં મારો કોઇ વાંક નથી તે મારે ભોગવ્યા સિવાય બીજો કોઇ વિકલ્પ ન હતો. મારે લીધે કોઇને પણ આ રોગ લાગુ પડે તેથી દૂર રહેવાનો મારો આશય હતો. મને તમારાં તરફથી કે સાસરીયા તરફથી કોઇ ત્રાસ ન હતો પરંતુ મારે લીધે કોઇ પણ કુટુંબને તકલીફ ન થાય તેથી બધાંથી હું દૂર દૂર જતી રહું છું. મારી તપાસ કરતાં નહિ, મને માફ કરશો. જય માતાજી...

તમારી વ્હાલી દીકરી સકુ.

પત્ર વાંચી, વ્હાલસોયી પુત્રીની ન પુરી શકાય તેવી ખોટથી અશ્રુધારા સાથે પુત્રીના ‘આત્મ સમર્પણ’ ની ભાવનાથી મમ્મી-પપ્પા હૈયાભાટ રૂદન કરી રહ્યા છે.